Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# 'કાકડો' સાંપ્રદાયિક સંઘર્ષને પડકારતી વાર્તા

(વાર્તાસંગ્રહ-'કાકડો' , લે.-ડો.ભરત સોલંકી, ડિવાઈન પબ્લિકેશન, પ્ર.આ.૨૦૧૭, મૂલ્ય.૧૦૦)

પટેલ જયેશકુમાર નટવરલાલ

(એમ.એ(ગોલ્ડ મેડાલીસ્ટ), બી.એડ,એમ.ફિલ.,યુજીસી નેટ) પીએચ.ડી. સ્કોલર

મુ-બાજીપુરા, પો-કુવાસણા, તા-વિસનગર, જિ-મહેસાણા, મો-9909527138

સાંપ્રત ગુજરાતી સાહિત્યમાં નવોદિત વાર્તાકાર તરીકે ઝડપથી પ્રશસ્તિ મેળવી રહેલા ડો.ભરત સોલંકી 'રૂપાંતર' (૨૦૧૧) પછી બીજો વાર્તાસંગ્રહ 'કાકડો' (૨૦૧૭) લઈને આવે છે. તેમણે સર્જનની સાથે સાથે સંશોધન-સંપાદન અને વિવેચન ક્ષેત્રે પણ પોતાની કલમને વહેતી રાખી છે. તેમની વાર્તાકાર તરીકે નોંધપાત્ર સિધ્ધિ તેમનું અનુભવવિશ્વ-સંવેદન અને તેની વિશિષ્ટ અભિવ્યક્તિ છે. અહીં તેમની સમગ્ર શીર્ષકયુક્ત વાર્તાસંગ્રહવાળી ટૂંકી વાર્તા 'કાકડો'ને આસ્વાદવાનો ઉપક્રમ છે.

વાર્તાકાર પ્રસ્તાવનામાં નોંધે છે તેમ તેમને 'કાકડો' વાર્તા માટે 'કમળાશંકર પંડ્યા ફાઉન્ડેશન'નો દ્વિતીય પુરસ્કાર મળેલો છે તે સંદર્ભે પણ આ વાર્તા વિશેષ ધ્યાનાકર્ષક છે.

'કાકડો' નાયકના સ્વમુખે પ્રગટ થયેલી વાર્તા છે. વાર્તાનો આરંભ અમદાવાદની હોસ્પિટલમાં 'હિપેટાઈસ-બી' ની બીમારીમા સારવાર લેતા નાયકથી થાય છે. સારવાર દરમિયાન તેમની ટ્રીટમેન્ટ કરતા ડોક્ટર સાથે તેમનો સ્ટાફ પણ ખડેપગે રહે છે, તેમા સલમાન નામનો મુસ્લિમ વોર્ડબોય પણ છે જે સતત નાયકની પાસે ખડેપગે રહે છે.

ગ્લુકોઝના બાટલા સાથે વળગેલી સોય પણ નાયકને દુ:ખ ન પહોંચાડે, પીડા ન આપે તેની કાળજી રાખી નાયકને હિંમત આપે છે ને ભાદરવી પૂનમે ગણપતિ લઈ જવાતા પ્રસંગે બહારથી નીકળતા ‘ગણપતિ બાપા મોરિયા’ના નારા પણ લગાવે છે. અહીં કહેવાતા અભણ ને વોર્ડબોય તરીકે નોકરી કરતા સલમાનના પાત્રને વાર્તાકાર નાત-જાતના ભેદથી ઉપર ઉઠતું બતાવી શક્યા છે. પરંતુ, થોડી જ વારમાં પછી વાર્તા ભૂતકાળમાં પ્રવેશતાં બીજા મુસ્લિમ ચહેરાનો પરિચય લેખક કરાવે છે. જે ચહેરો છે સુલેમાનનો. કેટલો ભયાનક છે આ ચહેરો! પ્રાચીનને વિવાદાસ્પદ પુરાતત્વનો ઢાંચો તૂટતા સમગ્ર ભારતમાં જે કોમી હુલ્લડો થયા તેમાં અમદાવાદ પણ બચી શક્યું નહોતું. નાયક શાહપુર બહાઈ સેન્ટરમાં વસવાટ કરતો હતો, ત્યારે કરફ્યુ ને તોફાન ને મારામારીના બનાવોનો નાયક સાક્ષી છે. ફ્લેટની નીચે જ સુલેમાનનું કહો કે, નાયકના પરિવારનો એક સભ્ય જ બની ગયેલો. પરંતુ, આજે તેનો ચહેરો સાવ જુદો જ હતો. જવાનોની ફ્લેગમાર્ચ ચાલતી હતી. કરફ્યુ પડતો ને ઉઠતો હતો. છમકલા ચાલુ રહેતાં હતાં. હિન્દુ-મુસ્લિમ એકાબીજાના લોહીના તરસ્યા બન્યા હતા. બદલાની ભાવના વધુ ને વધુ બળવત્તર બનતી હતી. તેવામાં સુલેમાન મુસ્લિમ ટોળાની આગેવાની લઈને હિન્દુઓને મારવા ફ્લેટ નીચે આવી ચડે છે. હાથમાં સળગાવેલો કાકડો નાયકના ઘરની ગેલેરીમાં ફેંકી આગ લગાડે છે. નાયકનું ઘર સળગે છે ને સાથે એકબીજાના સબંધો (નાયક અને સુલેમાનના) પણ સળગે છે. તો બીજી તરફ મોટું ટોળું હાથમાં ખુલ્લા છરા-ખંજર લઈ મારવા બારણું ઠોકે છે. નાયકનો પરિવાર હાથ-વેતમાં મોતનો અનુભવ કરે છે. જેને પોતાનો માની ખવડાવ્યું- પીવડાવ્યું એજ આજે સૌથી મોટો દુશ્મન બન્યો હતો. તેના જ અવાજો મોટે-મોટેથી સંભળાતા હતા –‘માર ડાલો, કાટ-ડાલો-સાલે-કો....’ જે નાયકને, પરિવારને કંપાવતા હતા. સાક્ષાત યમનો અનુભવ કરાવતા હતા. બરાબર તેજ વખતે જવાનોની ફ્લેગમાર્ચની સાયરન વાગતાં ટોળું ભાગી જાય છે, ને નાયકના પરિવારમાં જીવનનો સંચાર થાય છે બચી ગયાની લાગણી જન્મી છે, જીવમાં જીવ આવે છે ને પછી તો તોફાનો હળવા થતાં શાંતિ પથરાય છે.

પરંતુ આ ઘટનાથી નાયકના ચિત્તમાં મુસ્લિમ જાતિ પ્રત્યે નફરતની લાગણી જન્મે છે. સમગ્ર મુસ્લિમ જાતિ પ્રત્યે નફરતની લાગણી જન્મે છે. સમગ્ર મુસ્લિમ જાતિ

પ્રત્યે નાયકને ધ્રુણાની લાગણી થાય છે જાણે કે સુલેમાને સળગાવેલો આગનો કાકડો વેર-નફરતનો કાકડો બની નાયકના ચિત્તમાં-મનમાં લાંબા સમય સુધી સળગ્યા કરે છે.

પછી તો નાયકને સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા મળે છે. પુન:વાર્તા વર્તમાનમાં પ્રવેશ કરે છે. દિવાસ્વપ્નસમુ દુ:સ્વપ્ન જોઈ નાયક આંખો ખોલે છે, સારવાર પૂરી થાય છે ને નાયક ડિસ્ચાર્જ થઈ ઓફિસમાં હાજર થાય છે. કોલેજમાં અધ્યાપકની નોકરી કરતા નાયકને પુન: જોઈ વિધાર્થી આલમમાં આનંદ વ્યાપી જાય છે, ને બીજા-ત્રીજા દિવસે ત્રીજું મુસ્લિમ પાત્ર મળે છે જેનું નામ છે સિપાહી હાજીમિયા. જે ગુજરાતી વિષયનો વિધાર્થી હતો. તેણે ક્લાસ પૂર્ણ થતાં નાયકને રસ્તામાં ઊભા રાખી તબિયતના ખબર-અંતર પૂછી પોતે સર માટે આ રમઝાનમાં પાંચ રોજા રાખવાની મન્નત માની છે તે જણાવે છે. વાર્તાનાયક ત્યાં જ સ્તબ્ધ થઈ જાય છે, પોતાના માટે આટલો બધો પ્રેમ, લગાવ ને સ્નેહ. ને છેવટે જોતજોતામાં રમઝાન આવતાં સિપાહી હાજીમિયાના રોજા શરૂ થાય છે. કોલેજ આવવાનું બંધ થાય છે ને નાયકને ખબર પડે છે કે સિપાહીની તબિયત બગડી છે. રોજા અધરા પડ્યા છે. તે છોડી શકે તેમ નથી. છેવટે છેલ્લા રોજાના દિવસે નાયક સિપાહીનું ઘર શોધતો તેમના ઘેર પહોંચી જાય છે. પાંચ-છ વાગ્યાનો સમયગાળો છે. પોતાના માનીતા સરને જોઈ સિપાહીની આંખો ચમકી ઉઠે છે. તે બેઠો થાય છે ને પોતાના પરિવારનો પરિચય કરાવે છે ને નાયક બધાને હાથ જોડતો જોડતો પરિચય લેતો જાય છે. નાયકના હાથમાં સ્વાગત માટે શરબતનો ગ્લાસ ધરવામાં આવ્યો છે. પરંતુ, પરિવાર ચિંતિત છે બરાબર તેજ વખતે બાજુની મસ્જિદમાંથી 'ઈફતારી કરનેકા વખત હો ગયા હૈ' જેવો અવાજ સંભળાતા બધાના જીવમાં જીવ આવે છે. ને નાયક પોતાના હાથમાં રહેલ શરબતનો ગ્લાસ સિપાહી હાજીમિયાના હોઠે અડાડી રોજો પૂરો કરાવે છે, બધાની આંખોમાં હર્ષના, ભાઇચારાના આંસુ વહી રહ્યા છે ત્યારે વાર્તાકાર અંતે લખે છે-"સિપાહી હાજીમિયાનાં આંસુ જાણે કાયમને માટે ઠારી રહ્યા હતા વર્ષો પહેલા એ સળગાવેલા સુલેમાનના કાકડાને!!"(પૃ-૧૫)

આમ, સમગ્ર રીતે જોતાં આઝાદીકાળથી કે યુગોથી હિંદુ- મુસ્લિમ વચ્ચે રહેલી કોમી વૈમનસ્યતા ઘર કરી ગઈ છે જે સમયાંતરે ફાટી નીકળે છે ત્યારે નિર્દોષ લોકોનો ભોગ લે છે. એ સમયે માણસ-માણસથી ભયભીત થાય છે. તેવા સંજોગોમાં આ વાર્તામા

ત્રણ મુસ્લિમ પાત્રોનું સંનિધિકરણ રચી વાર્તાકારે વેરની પરાકાષ્ઠા બતાવીને અંતે જે એકતા બતાવી તે ખરેખર કાબિલેદાદ છે.હિંદુ-મુસ્લિમ ધર્મ ઉપર પણ એક ધર્મ છે તે છે માનવધર્મ. અહીં સુલેમાનની સામે સલમાન અને સિપાહી હાજીમિયાનું પાત્ર વિરોધાઈને પોતાની માનવતાની મહેંક પ્રસરાવે છે.

આમ, સમગ્ર રીતે જોતાં આ વાર્તાનું વિષયવસ્તુ સાવ-નવું-તાજું ને વિશિષ્ટ છે. વળી પાત્રસૃષ્ટિ, ભાષા, રસ, વર્ણનો ને અંત વગેરેની દ્રષ્ટિએ પણ આ વાર્તા ભાવકને સતત જકડી રાખે છે. આ રીતે આ વાર્તા 'સાંપ્રદાયિક સંઘર્ષને પડકારતી નોંધપાત્ર વાર્તા' બની શકી છે.